# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારની કડક કાર્યવાહી - રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અને અધિક પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી અને મ્યુનિસિલ કમિશ્નર આંનંદ પટેલની બદલી
- રાજકોટના ગેમઝોન દુર્ઘટના મામલે વડી અદાલતે રાજકોટ મહાનગર પાલિકા અને રાજ્ય સરકારની ટીકા કરી
- રાજકોટ કરૂણાંતિકાના મૃતદેહો સત્વરે પરિવારને મળે તે માટે એફએસએલ દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી... 18 સભ્યોની ટીમ સતત કાર્યરત
- અમદાવાદની ઐતિહાસિક ભગવાન જગન્નાથની રથયાત્રાના રૂટ ઉપર સલામતીની સઘન વ્યવસ્થા... પહેલીવાર રૂટ ઉપર એક હજાર પાંચસો સીસીટીવી કેમેરા લગાવાની અમદાવાદ પોલીસની કામગીરી
- અમદાવાદમાં આજે પણ પારો 45 ડીગ્રી સેલ્સિયસને પાર.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Rajkot officers suspended

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે.

જેમાં રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.આર.સુમા, સહાયક ટાઉન પ્લાનર ગૌતમ જોષી, સહાયક ઈજનેર જયદીપ જોષી, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર પારસ એમ. કોઠિયા તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર વી.આર. પટેલ,એન.આઈ.રાઠોડ અને રાજકોટ મહાનગપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસના સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે.

## EVE GUJARAT-RAJKOT FIRE CASE

ગુજરાત વડી અદાલતે રાજકોટમાં બે ગેમિંગ ઝોનની કામગીરીને ફાયર સેફટી સર્ટિફિકેટ સહિતની આવશ્યક મંજૂરીઓ વિના બે વર્ષ માટે પરવાનગી આપવા બદલ રાજકોટ મહાનગરપાલિકા અને રાજય સરકારની ટીકા કરી છે.

આજે રાજયની વડી અદાલતની ડિવિઝનલ ખંડપીઠ સમક્ષ રાજકોટ આગ દુર્ઘટના અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઇની ખંડપીઠે આ ઘટના પર ઉંડા દુઃખ અને ચિંતાની લાગણી વ્યકત કરી હતી. આ ગેમઝોન અનઅધિકૃત સ્થળોએ બાંધવામાં આવ્યા હોવાની જાણ સ્થાનિક સત્તામંડળોને હોવા છતાં મંજૂરી આપવામાં આવી હતી.

દરમ્યાન રાજય સરકારે કોર્ટને માહીતી આપી હતી કે, આ ઘટનાની તપાસ માટે સીઆઇડી ક્રાઇમના એડીશનલ ડાયરેકટર જનરલના નેતૃત્વમાં એક વિશેષ

તપાસ ટીમ – સીટની રચના કરવામાં આવી છે. સીટનો વચગાળાનો અહેવાલ આગામી બે-ત્રણ દિવસમાં તૈયાર થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારની સાંજે રાજકોટમાં ગેમઝોનમાં આગ લાગતાં 30 જેટલાં વ્યક્તિઓનાં મોત નિપજ્યા હતાં.

## DNA test Harsh Sanghvi

રાજકોટ આગ દુર્ઘટનામાં મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારને સત્વરે મળે તે માટે ગાંધીનગર એફએસએલ દિવસરાત કામગીરી કરી રહી છે.

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે એફએસએલમાં ડીએનએ પરિક્ષણની કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યુ હતું કે, ડીએનએ માટેના નમૂના સત્વરે પહોંચાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી છે. જેથી સમય બચી શકે.

(બાઇટ-હર્ષ સંઘવી, ગૃહમંત્રી)

## GIR SOMNATH INQUIRY

રાજકોટ જેવી દુર્ઘટના ફરી ન સર્જાય તે માટે જિલ્લામાં ફાયર સેફ્ટીને લઈને સાવચેતીના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી.. વેરાવળ ખાતે આવેલ સાંચી સિનેમા ઘરના સંચાલકો દ્વારા નિષ્કાળજી દાખવામાં આવતા તેને સીલ કરી દેવાયું હતું.. કોડીનાર ખાતે આવેલ ફીનિક્સ સિનેમા અને ન્યુ એરા સિનેમાઘર ખાતે ફાયર સેફટીનાં સાધનોની ત્રુટિ ધ્યાને આવતા તે સિનેમાઘર તાત્કાલિક અસરથી સીલ કરાયુ હતું. ગીર સોમનાથ જીલ્લાની તમામ હોસ્પિટલો દ્વારા બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો અને ફાયર સેફ્ટી અંગેની તપાસ કરાઇ હતી..જિલ્લામાં આવેલ તમામ કોચિંગ ક્લાસિસ, રિસોર્ટ, હંગામી સ્ટ્રક્ચર અને આનંદ મેળા, ગેમ ઝોન, ગેસ્ટ હાઉસ, હોસ્પિટલ વગેરે તમામ જાહેર સ્થળોની તપાસ કરવા સૂચના અપાઇ હતી.. વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર અને

મંદિર ટ્રસ્ટના અતિથિગૃહોની પણ સલામતીને લગતા તમામ પાંસાની તપાસ કરવામાં આવી હતી..

## Ahmedabad-cctv

અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર રથયાત્રા પહેલા પ્રથમ વખત 1 હજાર 500 સીસીટીવી કેમેરા લગાવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

ક્રાઇમ બ્રાંચના ડીસીપી અતુલ રાજયને પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સીસીટીવી પબ્લીક સેફટી પ્રોજેક્ટ હેઠળ રથયાત્રાના 18 કીલોમીટર લાંબા રૂપ પર સીસીટીવી રથયાત્રા પહેલા લાગી જશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રથયાત્રાના રૂટ પર આવતા દરિયાપુર, શાહપુર, જમાલપુર અને કારંજ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવાનું કામ શરૂ થઇ ગયું છે. હાલ 348 સીસીટીવી લાગી ગયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ 30 દિવસ સુધી રાખવામાં આવશે. દરેક વેપારીએ નાઇટ વિઝન અને સારી ગુણવત્તાવાળા સીસીટીવી કેમેરા લગાવવા પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોટ વિસ્તારમાં થતાં તોફાનો દરમ્યાન પોલીસને માહીતી મેળવવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ સીસીટીવી કેમેરા લગાવાતા પોલીસ કાર્યવાહીમાં સરળતા રહેશે.

## YELLO ALERT

રાજયભરમાં આજે પણ કાળઝાળ ગરમી યથાવત રહી હતી. અમદાવાદમાં 45.2 ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જયારે ગાંધીનગરમાં 44.5 ડીગ્રી, ભાવનગરમાં 44.4. ડીસામાં 44.3, સુરેન્દ્રનગરમાં 43.3 તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ અને રાજકોટ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના આધારે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા આગામી પાંચ દિવસ માટે

યલો એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદ મહાનગર પાલિકાની યાદી અનુસાર આજથી 31મે દરમિયાન યલો એલર્ટ જાહેર કરાયું છે.. જેમાં આજથી 29 એમ ત્રણ દિવસ દરમિયાન 44 ડિગ્રી સેલ્સિયલસ અને 30 અને 31 મે દરમિયાન 43 ડિગ્રી સેલ્સિયસ પારો રહેવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. જેમાં નાગરિકોને સતર્ક રહેવા જણાવાયું છે. જ્યારે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા જાહેર કરાયેલા યેલો એલર્ટમાં ચાર દિવસની આગાહી કરવામાં આવી છે. જેમાં આજથી 30 મે દરમિયાન 41થી 43 ડિગ્રી સેલ્સિયલ તાપમાન રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

ભાવનગરમા મહતમ તાપમાનમાં એકજ દિવસમાં સાડાચાર ડિગ્રીનો વધારો થયો છે અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે આજે મહતમ તાપમાન વધીને 44.4 ડિગ્રી નોંધાયુ છે.જ્યારે 34 કી.મી.ની ઝડપે પવન ફૂકાયો હતો. ભાવનગર શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 39 ડિગ્રી નોંધાયું હતું.

## Medal to Vatsal

ભુજના વત્સલ મહેશ્વરીએ કાઝાકીસ્તાન ખાતે 26 મી ના રોજ પૂરી થયેલી એશિયન ચેમ્પીયનમાં પાવર લીફટીંગ ની ડેડ લીફ્ટ માં સબ-જુનિયર વર્ગમાં સુવર્ણ ચંદ્રક મેળવી એશિયન ચેમ્પીયન હાંસલ કરી છે. ઉપરાંત ફૂલ મીટ સ્પર્ધામાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. પાવર લીફટીંગમાં ત્રણ વખતના રાષ્ટ્રીય ચેમ્પીયન વત્સલે ડેડ લીફ્ટમાં ૨૧૦ કિલો વજન ઉપાડ્યું હતું જયારે તેના ૧૦ દેશો ના હરીફો ૧૮૦ અને ૧૯૫ કિલો વજન ઉપાડી શક્ય હતા.વત્સલે ફૂલ પાવર માં ૪૭૭.૫ કિલો વજન ઊંચક્યું હતું અને રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

## railway-time

ભુજ-દાદર સયાજી નગરી એક્સપ્રેસના આણંદ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનના સમય માં ફેરફાર કરવામાં આવ્યો છે 1 જૂન 2024 થી 6વાગીને 49 મિનિટે આગમન અને 6 વાગીને 51 મિનિટે પ્રસ્થાનના બદલે 6:28એ આગમન અને

6:30 પ્રસ્થાનનો સમય રહેશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## Fatafat NEWS-1

1...છોટાઉદેપુરના.નસવાડી તાલુકાના રોઝીયા ગામે મેવાસ ભીલ સેવા મંડળ દ્વારા ધો.10 અને 12 પાસ થયેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો ..સમાજના અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ કરવા માટે પ્રેરિત કરાયા ...

2... પાટણનાં રણ વિસ્તારમાં રહેતા અગરિયા પરિવારોને બ્લેશ ગ્રુપ ઓફ હ્યુસ્ટનનાં સહકારથી .પાણીની સમસ્યાને હલ કરવા પાણીની 100 ટાંકીઓનું વિતરણ કરવામાં આવ્યું.

3.. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કાર્યકારીણી છ જૂનથી નવમી જૂન સુધી સુરતમાં યોજાશે.. પ્લાસ્કિટક ફ્રી અને કાગળનો શૂન્ય વપરાશના સંદેશ સાથે પાંચસો જેટલા દેશભરના વિદ્યાર્થી પ્રતિનિધિઓ રાષ્ટ્રીય કાર્યકારીણીમાં હાજર રહેશે

4....ભારત સરકાર સંચાલિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેન્ડલૂમ ટેકનોલોજી, જોધપુર,રાજસ્થાન ખાતે ડિપ્લોમા કોર્સ ઈન હેન્ડલૂમ એન્ડ ટેક્ષ્ટાઈલ ટેકનોલોજીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી... ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્સ ઇન હેન્ડલૂમ એન્ડ ટેક્ષ્ટાઈલ ટેકનોલોજીના પ્રથમ વર્ષ તથા બીજા વર્ષમાં પ્રવેશ મેળવવા 10મી જૂન સુધીમાં અરજી મંગાવવામાં આવી

**5..... આઈ.ટી.આઈ. સરખેજ ખાતે વર્ષ-૨૦૨૪ના સત્ર માટેએડમિશન પ્રક્રિયા શરૂ થઇ....ઉમેદવારો ૧૩ જૂન સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી**

**શકશે**..મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ, સિવિલ, કમ્પ્યૂટર, ઓટોમોબાઇલ, એપરલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન જેવા અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

6...દીવ ના ઘોઘલા ખાતે હિન્દુ ઓફિશિયલ ગૃપ દેલવાડા દ્વારા નિઃશુલ્ક ઠંડી મસાલા સોડા નું વિતરણ કરવામાં આવ્યું...

7.....વેકેશનના સમયગાળામાં માતૃભાષા અભિયાન વાર્તા રે વાર્તા કાર્યક્રમ દ્વારા ગુજરાતી ભાષા પ્રત્યેનો લગાવ વધારવાનો પ્રયાસ કરાયો.... કોચરબ આશ્રમમાં સાત વર્ષથી ઉપરના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો... આશ્રમમાં ગાંધીજી અને કસ્તુરબાના ઓરડા અને રસોડું વગેરે બાળકોને બતાવવામાં આવ્યું.

8.સાબરકાંઠા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે ETPBS ને લગતી counting માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં અધિકારીઓ તેમજ શિક્ષકોની તાલીમ યોજાઈ હતી. આ તાલીમ બે સ્થળોએ કલેકટર કચેરી સભાખંડ અને હિંમતનગર મેડિકલ કોલેજ ખાતે યોજાઈ હતી.

9. શિશુવિહાર બુધસભા ભાવનગરના આંગણે બુધસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે ગઝલ લેખન શિબિર સંપન્ન

10. લોકસભા ચૂંટણીની મત ગણતરીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ગુજરાતના સરહદીય વિસ્તારમાં શાંતિ જળવાય રહે તે માટે વહીવટી તંત્ર સહિત પોલીસ વિભાગ સજ્જ બન્યું છે